eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 191
August 07, 2009

## સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનના માહે જુલાઈ ૨૦૦૯ દરમ્યાન નવી મિલ્કતો દાખલ કરવામાં આવેલ

સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનના માહે જુલાઈ ૨૦૦૯ દરમ્યાન નવી મિલ્કતો દાખલ કરવામાં આવેલ જેની વિગતો ટુંકમાં નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) ની કામગીરી

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં તા.૨૯–૦૭–૨૦૦૯ ના રોજ આરોગ્ય વિભાગ મારફત વોર્ડ ગોડાદરા, પરવટ, લિંબાયત અને ઉધનાયાર્ડ વિસ્તારમાં સફાઈ અભિયાન રાખવામાં આવેલ. જેમાં આરોગ્ય વિભાગ મારફતે ભાગ્યનગર(ગુ.હા. બોર્ડ), કૈલાસનગર, આસપાનગર ૧ અને ૨, રત્નપ્રભા સોસાયટી, આસ્તિકનગર, મંગલભવન સોસા. અને સંજયનગર લાગત રોડ વિ. વિસ્તારમાં બપોરે ૧૧.૦૦ કલાકથી ૨.૦૦ કલાક દરમયાન "સફાઈ અભિયાન" રાખવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન ભારે વરસાદના કારણે જાહેર આરોગ્યને વિપરીત અસર ન થાય, જાહેર આરોગ્ય જળવાઈ રહે અને રોગચાળો ફાટી ન નીકળે તે માટે ગરીબ / સ્લમ વિસ્તારોમાં સમગ્ર ઋતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જે મુજબ તાઃ ૦૧/૦૮/૨૦૦૯ ના રોજ રાંદેરઝોનમાં રાંદેર શહેરી આરોગ્ય કેન્દ્ર, રાંદેર, સુરત ખાતે સવારે ૦૯–૩૦ કલાક થી બપોરે ૨:૦૦ કલાક દરમ્યાન આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન(કતારગામ) ની કામગીરી

નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં તા. ૩૧–૦૭–૨૦૦૯ ના રોજ કરવામાં આવેલ ડીમોલીશન ની વિગત નીચે પ્રમાણે છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "વિશ્વ સ્તનપાન સપ્તાહ" ની ઉજવણી

તા. ૧–૦૮–૦૯ થી તા. ૯–૦૮–૦૯ ના રોજ "વિશ્વ સ્તનપાન સપ્તાહ" ની ઉજવણી કરવામાં આવનાર હોય, તા. ૧–૦૮–૦૯ ના શનિવારે "વિશ્વ સ્તનપાન સપ્તાહ" ની ઉજવણી નિમિત્તે સરદાર સ્મૃતિ ભવન ખાતે સવારે ૧૧.૦૦ કલાકે એક પરિચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનના માહે જુલાઈ ૨૦૦૯ દરમ્યાન નવી મિલ્કતો દાખલ કરવામાં આવેલ જેની વિગતો ટુંકમાં નીચે મુજબ છે

| ઝોનનું નામ | એપ્રિલથી જુન–૦૯ | જુલાઈ –૨૦૦૯ | કુલ |
|---|---|---|---|
| વેસ્ટ ઝોન | 1767 | 702 | 2469 |
| સેન્ટ્રલ ઝોન | 603 | 876 | 294 |
| નોર્થ ઝોન | 876 | 294 | 1170 |
| ઈસ્ટ ઝોન | 1225 | 586 | 1811 |
| સાઉથ ઝોન | 1341 | 733 | 2074 |
| અઠવા ઝોન | 853 | 158 | 993 |
| લિંબાયત ઝોન | 1247 | 1053 | 2300 |

આમ ઉપર મુજબ માહે જુલાઈ–૨૦૦૯ માસ દરમયાન કુલ ૩૮૨૦ નવી મિલ્કતો દાખલ કરવામાં આવી છે, જેનું કુલ માંગણું રૂા. ૬૧.૯૮ લાખ જેટલું છે. તેમજ માહે એપ્રિલ–૨૦૦૯ થી જુલાઈ –૨૦૦૯ (તા.૩૦/૦૭/૨૦૦૯) દરમ્યાન કુલ ૧૧૭૧૪ જેટલી નવી મિલ્કતો દાખલ કરવામાં આવી છે, જેમાં ભાડૂતના ઉપયોગવાળી મિલ્કતોનો પણ સમાવેશ થાય છે. જેનું કુલ માંગણું રૂા. ૨.૧૦ કરોડ (અંકે રૂપિયા બે કરોડ દસ લાખ પુરા ) જેટલું છે.

દરેક ઝોન ધ્વારા સને ૨૦૦૯–૧૦ના મિલ્કત વેરાના બિલો તૈયાર કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે. આ બીલો કરદાતાને પહોંચાડવાની કામગીરી હાલમાં ચાલુ છે.

| ઝોનનું નામ | સબ વોર્ડની સંખ્યા |
|---|---|
| વેસ્ટ ઝોન | 00 |
| સેન્ટ્રલ ઝોન | 05 |
| નોર્થ ઝોન | 00 |
| ઈસ્ટ ઝોન | 03 |
| સાઉથ ઝોન | 08 |
| અઠવા ઝોન | 02 |
| લિંબાયત ઝોન | 01 |

હાલ તમામ ઝોનના ૨૫% વિસ્તારમાં ડોર ટુ ડોર સર્વે ધ્વારા રીવીઝન સર્વેની કામગીરી ચાલુ છે, જેના આધારે થનાર આકારણીનો સને ૨૦૦૯–૧૦ માં નિકળનાર વેરા બીલમાં સમાવેશ કરવામાં આવશે.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) ની કામગીરી

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં તા.૨૯–૦૭–૨૦૦૯ ના રોજ આરોગ્ય વિભાગ મારફત વોર્ડ ગોડાદરા, પરવટ, લિંબાયત અને ઉધનાયાર્ડ વિસ્તારમાં સફાઈ અભિયાન રાખવામાં આવેલ. જેમાં આરોગ્ય વિભાગ મારફતે ભાગ્યનગર(ગુ.હા. બોર્ડ), કૈલાસનગર, આસપાનગર ૧ અને ૨, રત્નપ્રભા સોસાયટી, આસ્તિકનગર, મંગલભવન સોસા. અને સંજયનગર લાગત રોડ વિ. વિસ્તારમાં બપોરે ૧૧.૦૦ કલાકથી ૨.૦૦ કલાક દરમયાન "સફાઈ અભિયાન" રાખવામાં આવેલ છે. જેમાં તળિયા ઝાટક સ્ક્રેપીંગ બ્રશીંગ તથા ધૂળ–માટી સાથે ઘનિષ્ઠ સફાઈ કામગીરી કરાવવામાં આવેલ છે. સદર કામગીરીમાં સુપરવાઈઝરી સ્ટાફ–૧૫, સફાઈ કામદારો–૬૬ રોકાયેલા હતા. આ સફાઈ અભિયાન દરમ્યાન ન્યુસન્સ કરતા કુલ –૧૩ ઈસમો પાસેથી રૂા.૧૭૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે. તેમજ કુલ–૨૧ નોટીસો આપવામાં આવેલ તેમજ ૫૦૦ ગ્રામ પ્રતિબંધિત પ્લાસ્ટીકની થેલીનો નાશ કરવામાં આવેલ તથા ૦૫ કિલોગ્રામ અખાદ્ય પદાર્થનો નાશ કરવામાં આવેલ તેમજ ૭૩૦ કિલોગ્રામ જંતુનાશક પાવડરનો છંટકાવ કરાવવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન ભારે વરસાદના કારણે જાહેર આરોગ્યને વિપરીત અસર ન થાય, જાહેર આરોગ્ય જળવાઈ રહે અને રોગચાળો ફાટી ન નીકળે તે માટે ગરીબ / સ્લમ વિસ્તારોમાં સમગ્ર ઋતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જે મુજબ તાઃ ૦૧/૦૮/૨૦૦૯ ના રોજ રાંદેરઝોનમાં રાંદેર શહેરી આરોગ્ય કેન્દ્ર, રાંદેર, સુરત ખાતે સવારે ૦૯–૩૦ કલાક થી બપોરે ૨:૦૦ કલાક દરમ્યાન આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાળા, વિરોધ પક્ષના નેતાશ્રી બાબુભાઈ કાપડીયા, વૈદકીયરાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષા શ્રીમતી રંજનબેન સરતાનપુરા, આરોગ્ય સમિતિના અધ્યક્ષા શ્રીમતિ વિણાબેન નાણાવટી, રાંદેરઝોનના મ્યુ.સદસ્યા શ્રીમતિછાયાબેન પરમાર,મ્યુનિ.કમિશનર કુ.એસ.અપર્ણા રાંદેરઝોનના ઝોનલ ચીફ શ્રી.એમ.ડી.દારૂવાલા,નાયબ આરોગ્ય અધિકારી ડૉ.કે.આઈ.ખત્રી , કાર્યપાલક ઈજનેર શ્રી. આર. વી.ગામીત, આસી.આરોગ્ય અધિકારી ડો.એ.પી.ભટ્ટ, સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, રાંદેરશહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો તથા અન્ય અધિકારી / કર્મચારીઓ હાજર રહયા હતા.

નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.આઈ.ખત્રીએ કાર્યક્રમ સંબધી જાણકારી આપી હતી જે મુજબ સને ૨૦૦૭ – ૦૮ દરમ્યાન મહાનગરપાલિકા મારફતે ૨૪ મેગા કેમ્પ તથા જુદા જુદા શહેરી આરોગ્ય કેન્દ્ર મારફતે ૧૩૬ વિના મૂલ્યે મેડીકલ કેમ્પો યોજવામાં આવ્યા હતા. જેમાં ૨૫,૩૭૧ જેટલા લાભાર્થીઓએ લાભ લીધો હતો. ૨૦૦૯ માં અત્યાર સુધી ચાર કેમ્પોમાં ૪૦૮૨ જેટલા લાભાર્થીઓએ લાભ લીધો છે તથા સમગ્ર ચોમાસા દરમ્યાન દર શનિવારે આરોગ્ય વિભાગ મારફતે મેડીકલ કેમ્પ યોજવામાં આવશે તથા પ્રાસંગીક પ્રવચનમાં હાજર રહેલ નાગરીકોને યોજવામાં આવેલ પ્રદર્શન નિહાળી જાણકારી મેળવવા તથા સ્વાસ્થ્ય પ્રત્યે કાળજી રાખવા જણાવ્યુ હતુ.

વિરોધ પક્ષના નેતાશ્રી બાબુભાઈ કાપડીયાએ પ્રાસંગીક પ્રવચનમાં આરોગ્ય નિદાન / સારવારના આયોજન કરવા બદલ સુરત મહાનગરપાલિકાનો આભાર વ્યકત કરી આ વિસ્તારના રહીશોને પોતાના ઘર આંગણે આરોગ્યલક્ષી સુવિધાઓ વિના મૂલ્યે મળી રહે તે માટે તેનો લાભ લેવા તથા સ્વચ્છતા પ્રત્યે જાગૃત રહી, આરોગ્ય લક્ષી સૂચનાનો અમલ કરી નિરોગી રહે તેવી શુભેચ્છા વ્યકત કરી હતી.

મ્યુ.કમિશ્નર કુ.એસ.અપર્ણાએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે,'' ચોમાસા દરમ્યાન શહેરી જનોનું આરોગ્ય જળવાય રહે તે હેતુસર મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોન વિસ્તારમાં વિના મૂલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન યોજવામાં આવે છે. પ્રદર્શનમાં વિવિધ રોગોની જાણકારી તથા અટકાયત અંગે આરોગ્ય શિક્ષણ આપવામાં આવે છે જેનો નાગરિકો દ્વારા અમલ કરવામાં આવે તો રોગચાળાનું પ્રમાણ ઘટાડી શકાય તેમ છે. સુરત મહાનગરપાલિકા લોકોના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત છે તથા કાર્યરત છે પરંતુ નાગરીકો રોગ અટકાયત અંગે આપવામાં આવતી સૂચનાનો અમલ કરશે, પોતાના સ્વાસ્થ્ય અંગે કાળજી રાખશે તો પરિવારના સ્વાસ્થ્યનો દિવો પ્રગટતો રહેશે તેવી શુભેચ્છા વ્યકત કરી હતી.

**Continue ...**

મા.મેયરશ્રી રણજીત ગીલીટવાળાએ પ્રાસંગિક પ્રવચનમાં વિના–મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર તથા પ્રદર્શનનું આયોજન કરવા બદલ મહાનગરપાલિકાની કામગીરીને બીરદાવી હતી. ઘર આંગણે આવા કેમ્પો યોજવામાં આવે છે જેનો લાભ લેવા, નાગરીકોને સ્વચ્છતા પરત્વે વધુ સજાગ થવા અનુરોધ કર્યો હતો. ઓગષ્ટ માસના પ્રથમ સપ્તાહમાં વિશ્વ સ્તનપાન સપ્તાહ ઉજવાઈ રહયું છે અને મહાનગરપાલિકા પણ વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી કરવા પ્રતિબધ્ધ છે. સુરત મહાનગરપાલિકા તથા અન્ય સંસ્થાના સહયોગથી '' યશોદા : હ્યુમન મિલ્ક બેંક '' શરૂ કરવામાં આવેલ છે. જેમાં ૧૪૦ જેટલા બાળકોને દૂધ પીવડાવી લાભ આપવામાં આવેલ છે. નવજાત શિશુને સ્તનપાન એ બાળ મૃત્યુ નિવારવા માટેનું અસરકારક પોષક માધ્યમ છે આ સંદેશ દરેક માતા સુધી પહોંચાડવા અનુરોધ કર્યો હતો.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો રાંદરે તથા આજુ બાજુ વિસ્તારના ૩૮૫ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૭૧, ચામડીના નિષ્ણાત દ્વારા ૯૫, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૧૭, બાળરોગ નિષ્ણાત દ્વારા ૧૮, ફિઝીશયન દ્વારા ૧૮૨ અને સર્જન દ્વારા ૦૨ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ. ટેકનીશીયન દ્વારા ૧૩૧ તાવના દર્દીઓના લોહીના નમુના લેવામા આવ્યા હતા. ૪૪ ઓ.આર.એસ. પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૦૫ દર્દીઓને વિશીષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ, નવી સીવીલ હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે પાણી જન્ય,પાણી સંલગ્ન, એઈડઝ, ટી.બી., મેલેરીયા વિ.રોગ વિષેના પોષ્ટરો, બોર્ડ ડીસ્પલે કરી રોગો અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા પોતાના વિભાગ વિષે જાણકારી આપી ૧૨૮૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.વાહકજનિક રોગ નિયંત્રણ વિભાગ દ્વારા વિવિધ મચ્છરોની લાઈફ સાયકલનું લાઈવ ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યુ હતુ.કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૫૭૭ ઓરલ પીલ્સ ૫ પેકેટ વિતરણ કરી કોપર–ટી મુકાવવા બાબતે સમજણ આપવામાં આવી હતી તથા ૩૦ આયર્ન ફોલીક એસીડ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.રસીકરણ વિભાગ દ્વારા ૨૪ બાળકોને ડીપીટી,પોલીયો અને ઓરીની રસી આપવામાં આવી હતી તથા ૧૦૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

આ ઉપરાંત વિવિધ ઝોનમાં શહેરી આરોગ્ય કેન્દ્રો દ્વારા જુદા જુદા વિસ્તારમાં રાખવામાં આવેલ કેમ્પોમાં ૩૨૮ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

TOP

## નોર્થઝોન(કતારગામ) ની કામગીરી

નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં તા. ૩૧–૦૭–૨૦૦૯ ના રોજ કરવામાં આવેલ ડીમોલીશન ની વિગત નીચે પ્રમાણે છે.

ટી.પી. સ્કીમ નં. ૨૪ (ટુંકી) ફા. પ્લોટ નં. ૩૦/બી, ઈશ્વરમોતી સોસાયટીના સબ પ્લોટ નં. ૬૫, ૬૬, ૬૭ માં ગ્રાઉન્ડ ફલોર લેવલે માર્જીનમાં કરેલ આર.સી.સી. સ્લેબનું પ્રોજેકશન દુર કરી રૂા. ૧,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે. તેમજ ઈશ્વરમોતી સોસાયટીના સબ પ્લોટ નં. ૬૨ માં પ્રથમ માળે ચણતરની પેરાપેટ તથા બીજા માળે સેન્ટરીંગ શટરીંગ તથા આર.સી.સી. કોલમ દુર કરી રૂા. ૧,૫૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

ટી.પી. સ્કીમ નં. ૧૮ (કતારગામ), ફા. પ્લોટ નં. ૪૨, સહજાનંદ સોસાયટીમાં આવેલ ભવાની કોમ્પલેક્ષના ચોથા માળે સ્લેબ ભરવાના ઈરાદાથી કરવામાં આવેલ છે.

TOP

## ''વિશ્વ સ્તનપાન સપ્તાહ'' ની ઉજવણી

તા. ૧–૦૮–૦૯ થી તા. ૯–૦૮–૦૯ ના રોજ ''વિશ્વ સ્તનપાન સપ્તાહ'' ની ઉજવણી કરવામાં આવનાર હોય, તા. ૧–૦૮–૦૯ ના શનિવારે ''વિશ્વ સ્તનપાન સપ્તાહ'' ની ઉજવણી નિમિત્તે સરદાર સ્મૃતિ ભવન ખાતે સવારે ૧૧.૦૦ કલાકે એક પરિચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન સુરત મહાનગરપાલિકા અને ઈન્ડિયન એકેડમી ઓફ પિડિયાટ્રીશ્યનના સંયુકત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તજજ્ઞો તરીકે ડો. માલતીબેન દલાલ, સ્ત્રીમેર ગાયનેક વિભાગ ના વડા તેમજ ડો. પ્રશાંત કારીયા, એમ.ડી.(પિડિયાટ્રીશ્યન) એ સ્તનપાન વિષયમાં પોતાના વિચારો રજુ કર્યા હતા. જેમાં ખાસ કરીને સ્તનપાનનાં ફાયદાઓ, સ્તનપાન કયારે ચાલુ કરવું , કેટલા સમય સુધી સ્તનપાન કરાવવું ,માતાને, બાળકોને, સમાજને આનાથી શું લાભ થઈ શકે, એવા તમામ મુદ્દાઓ પર વિસ્તૃત માહિતી તજજ્ઞો ધ્વારા આપવામાં આવી હતી. આવના તજજ્ઞો નો શબ્દોથી આવકાર કરવામાં આવ્યો હતો ત્યારબાદનો સમય વિષય સમજણ માટે તજજ્ઞોને આપવામાં આવ્યો. આ કાર્યક્રમમાં ભાગ  લેનાર વ્યકિતઓમાં ખાસ કરીને અલગ અલગ હેલ્થ સેન્ટરના લેડી મેડીકલ ઓફિસર, સી.ડી.પી.ઓ., આંગણવાડી સુપરવાઈઝર બહેનો તથા આંગણવાડી કાર્યકરો, પ્રાઈવેટ હોસ્પિટલનો નર્સીંગ સ્ટાફ વગેરે હાજર રહયા હતા. તજજ્ઞો ધવારા વિષયની સમજણ આપ્યા બાદનો સમય ચર્ચા માટે ખુલ્લો મુકવામાં આવ્યો. જેમાં પ્રેક્ષકગણ ધ્વારા  તેમને મૂંજવતા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી. અંતમાં ડો. અરૂણાબેન પટેલ, ફેમીલી પ્લાનીંગ મેડીકલ ઓફિસર ધ્વારા આભારવિધિ કરવામાં આવી.

TOP